# 20th

# ANNUAL REPORT

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

## 1-7-1990 to 30-6-1991

## ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ૨૦મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ

Published by .
MANAGING COMMITTEE
All Memon Welfare Co-operative Housing Society Ltd.

Registered Office :
247, Sunny Plaza, 2nd Floor,
Hasrat Mohani Road, Karachi.
Phone : 217590

CamScanner

# સોસાયટી તરફથી યોજાએલા એક " યાદગાર " જલસાનો ટુંક એહવાલ

ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપ્ટ. હાઉસીંગ સોસાયટી તરફથી શુક્રવાર તા. ૨૪-૫-૧૯૯૧ ના મેમમ નગર સ્કીમ ૩૩ ખાતે પ્લોટ હોલ્ડરો, તથા કવમના અગ્રેસરો માટે એક ભવ્ય ઇદ-મિલન સમારંભયોજવામાંઆવ્યુંહતું.

જલસાની શરૂઆત સાંજના પાંચ વાગે થવાની હતી તેમ છતાં ચાર વાગ્યાથી સભ્યો આવવા શરૂ થઇ ગયા હતા. ઘણી બધી સ્ત્રી સભ્યોનો ઉત્સાહ અને મેમણ નગર પ્રત્યે તેમના પ્રેમ અને લાગણી એ વાત ઉપરથી જણાતી હતી કે તેઓ પોતાના નાના નાના બાળકોને હાથમાં ઉપાડીને બસ સ્ટેન્ડથી લગભગ અડધા માઇલ દુર પેદલ ચાલીને આવતી નજરે પડતી હતી.

સેકટર ૧૩-A ની જગ્યા ઉપર જલ્સો યોજવામાં આવ્યું હતું તેને પુરી રીતે રંગ-બે-રંગી ઝન્ડાઓ અને કમાનોથી શણગાર-વામાં આવેલ હતું, જનાબ અ. સતાર સુલેમાન ભાંગડાની આગેવાની હેઠળ વોલી-ટીયરો એ બહુજ સુંદર વ્યવસ્થા કરી હતી. શહેરમાંથી ઠીક સાડા ત્રણ વાળે ઉપડેલી ત્રણ ખીચોખીચ ભરાએલી બસો ઠીક ૪ાા વાગે મેમણ નગર પહોંચતા પ્રમુખ જ. અલીમોહમદ પીપરાણી તથા સ્વાગત સમિતીના ચેરમેન જ. ઇકબાલ માંગરોલવાલાએ દરેક દરેક પ્લોટ હોલ્ડરોનું બહુજ ઉમળકાભર્યું સ્વાગત કર્યું હતું અને ઇદ-મીલનની મુબારકબાદ આપી હતી.

આ દરમ્યાન અસર નમાઝનો ટાઇમ થઇ જતા ખાસ ગોઠવણ કરાએલી જગ્યા ઉપર એહલે સુન્નત જમાતના આગેવાન લીડર જ. હાજી હનીફ બિલ્લુ સાહેબની ઇમામતમાં નમાઝે અસર અદા કરવામાં આવી હતી. જેની થોડીજ વાર બાદ શાયરનો ગુંજી ઉઠી હતી અને ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના લાડીલા પ્રમુખ જનાબ હાજી હનીફ તૈયબ તથા પાકિસ્તાનના પ્રમુખના માજી હજ સલાહકાર અને સોસા-યટીના તારણહાર જ. અલહાજ ઝકરીયા કામદાર સ.હેબનું આગમન થતા હાજરીનોએ તાળી-ઓના ગુંજથી તેમનો સ્વાગત કર્યું હતુ. જલસાની કાર્યવાહીની શરૂઆત જ. અ, સતાર સુલેમાન ભાંગડા સાહેબએ તિલાવતે કુરઆનથી કરી હતી.

જ. હનીફ બિલ્લુ સાહેબએ નાતે રસુલ (સ.અ.વ.) પઢી હતી. તે પછી સ્વાગત સમિતીના ચેરમેન જ. ઇકબાલ ઇસમાઇલ માંગરોલ વાલાએ મેહમાનોને આવકારતા પોતાના સ્વાગત પ્રવચનમાં બીજી બાબતો ઉપરાંત ખાસ કરીને આજના મુખ્ય મહેમાન મેયર ડો. ફારૂક સતાર સાહેબ (જેઓ પોતાની અણધારી મશરૂફીયાતના કારણે જલસામાં હાજર રહી શકયા નહીં).

મેમણ નગરની વસાહતમાં રૂકાવટ બની રહેલા પાણીના પ્રશ્નોની વિગતવાર છણાવટ કરી હતી તેમજ મેમણ નગરની વર્ષો જુની-પાણી માટેની અરજીને મન્જુરી આપવા બદલ તેમનો આભાર માન્યો હતો. તે સાથેજ તેઓ કરાચી વોટર બોર્ડ તરફથી કરાએલી આંકણી મુજબ સોસાયટીને પાણીના કનેકશન માટે લગભગ રૂા. ૩૩ લાખની રકમના આકરા અને

અસહય બોજ તરફ પુન ફેર-વિચારણા કરવાની વિનંતી કરી હતી. તેમજ જ. હાજી હનીફ તૈયબ સાહેબ તથા જ. અલહાજ ઝકરીયા કામદાર સાહેબને પોતાની વગ વાપરવાનું અનુરૂધ કર્યું હતું. આ પ્રસંગે બોલતા સંસ્થાના પ્રમુખ જ. અલીમોહમદ પીપરાણીએ આ જાહેરાત કરી હતી કે ઇ. અ. આગામી ઓગસ્ટ ૧૯૯૧થી મેમણ નગર સેક્ટર ૧૩ Aના પ્લોટોના કબ્જાઓ આપવાનું શરૂ કરી દેવામાં આવશે. અને આ અંગેની જરૂરી વિધીઓ પુરી કરવાની તૈયારીઓ થઇ રહી છે. આ અગાઉ પોતાના ટુંક પ્રવચનમાં સોસાયટીના માનદ મંત્રી જ. ગુલમોહમદ સુલેમાન મદ્રાસવાલાએ સોસાયટીની વર્તમાન કામગીરીનો ટુંક ચિતાર રજુ કર્યું હતું.

મજકુર જલસાનાં વળાએલા મુખ્ય મહેમાન કરાચીના મેયર અને વોટર બોર્ડના ચેરમેન જ. ડૉ. ફારૂક અ. સતાર સાહેબ પોતાની અણધારી મશરૂફીયાતના કારણે જલસામાં હાજર રહી શકેલ નહિં.

જલસાની શરૂઆત પહેલા તેમના તરફથી પયગામ મળ્યો કે તેઓ જલસામાં મોડેથી શરીક થવાની કોશીષ કરશે. પણ છેવટે લગભગ ૬ વાગે સંદેશો મળ્યો કે હવે આવવું મુશ્કેલ લાગે છે એટલે તેઓએ દીલગીરી દર્શાવેલ અને પોતાના પ્રાયવેટ સેક્રેટરી મારફત એક સંદેશો મોકલાવેલ જે બહેન કુલસુમ રફીકએ વાંચીને સંભળાવ્યું હતું જેનો ટુંકસાર એ હતું કે અણધારી અને જરૂરી રોકાણના કારણે જલસામાં આવી શકેલ નથી. મેમણ નગર જેમ બને તેમ જલ્દી આબાદ થાય તેવી ઇચ્છા વ્યકત કરી હતી અને પોતાથી બનતી શકય મદદ કરવાની ખાત્રી આપી હતી.

માનવંતા મેહમાન તરીકે પ્રવચન કરતા પાકિસ્તાન સરકારના માજી સલાહકાર અને સોસાયટીના તારણહાર જનાબ અલહાજ ઝકરીયા કામદાર સાહેબએ મેમણ બિરાદરીની આ મોખરની સોસાયટીને ભોગવી પડેલી હાડમારીઓનું ઉલ્લેખ કર્યું હતું અને જ. અલીમોહમદ પીપરાણીની આગેવાની હેઠળ અને તે પછી મીસીસ ઇશરત હનીફ મોતીવાલાની દોરવણી હેઠળ સંસ્થાએ જે પ્રગતી સાધેલ છે તેની તારીફ કરી હતી અને ઉમેદ જાહેર કરી હતી કે મેમણ નગર કવમની સમુહ વસાહત દ્વારા ગામવાદથી પર કવમી-એકતાનો સુંદર નમુનો બની રહેશે. તેઓએ સોસાયટી તરફથી જાહેર કરાએલા પહેલા ૧૦, પ્લોટોના બાંધકામ હાથ ધરનારને ખાસ એવોર્ડ આપવાની જાહેરાતને વધાવી હતી.

આ પ્રસંગે પોતાની ખાસ-ઢબે ઉર્દુમાં તકરીર કરતા મેમણ મહીલા કાઉન્શીલર અને 'અપવા'ની માનદ મંત્રીણી મીસીસ કુલસુમ રફીકએ સોસાયટી તરફથી કરાએલા કામોની પ્રસંશાઓ કરી હતી અને હવે એલોટીઓને એમના પ્લોટોના કબજાઓ મલી રહયા છે તે આ વાતનો પુરાવો છે કે જ. પીપરાણી તેમજ જનાબ ઇકબાલ માંગરોલવાલાની નેતાગીરીમાં તેમની ટીમ બહુજ સુંદર કામ કરી રહે છે. તેઓએ તમામ પ્લોટ હોલ્ડરોને તેમના કબજાઓ મલવાની વધામણી ઉપર મુબારકબાદ આપી હતી, જલસા માટે હૈદ્રાબાદથી ખાસ પધારેલા હૈદ્રાબાદ મેમણ અંજુમન તથા હૈદ્રાબાદ હોસ્પીટલના જનાબ ડૉ. ગુલઝાર એ પોતાની તકરીરમાં મેમણ નગરને હકીકત બનતી જોયને બહુજ સંતોષ વ્યકત કર્યું હતું અને કાર્યકરોની પ્રશંસા કરી તેમને મુબારકબાદ

CamScanner

આપી હતી. આ પ્રસંગે લ્યારી કો. હા. સોસાયટીના ચેરમેન જ. ઇસમાઇલ બલોચ સાહેબએ સોસાયટીના ઓધ્ધેદારોની તેમની અથુથક મહેનત અને લગન ધ્વારા મેમણ નગરની સ્કીમને એક હકીકત સ્વરૂપ આપવાના પ્રયાસેની તારીફ કરી હતી અને આ પ્રસંગે તેઓ સોસાયટીના એક સ્થાપક કાર્યકર મરહુમ જ. હારૂન મારફાણીની સેવાઓને યાદ કરી હતી.

જલ્સાના પ્રમુખસ્થાનેથી બોલતા ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના લાડીલા પ્રમુખ જ. હાજી હનીફ તૈયુબ એ ભરચક હાજરી-જનોની તાળીયોના ગુંજમાં ઓગસ્ટમાં કબ્જાઓ આપવાની સોસાયટીની જાહેરાતને એતાહાસીક ગણાવી તેને આવકારતા આશા વ્યકત કરી હતી કે મેમણ નગર બીજી કવમી સોસાયટીઓ માટે માર્ગદર્શન બની રહેશે, તેઓએ સ્કીમ નં. ૩૩ની આપણી બિરાદરીની તમામ સોસાયટીઓને પોતાની પ્રવૃતીઓ શરૂ કરવાની અને વ્હેલામાં વ્હેલી તકે પ્લોટોના કબજાઓ આપવાનું અનુરૂધ કર્યું હતું. પાણીના મશલા તથા બીજી સરકારી અડચણો બાબત પોતાથી બનતું બધું કરી છુટવાની ખાત્રી આપી હતી. મજકુર જલ્સામાં મુખ્ય મેહમાનોના હાથે સોસાયટીની છેલ્લા પાંચ વર્ષ થયા એકધારી સુંદર સેવા આપનાર ત્રણ ઓહદેદારો જેમાં પ્રમુખ તરીકે મીસીસ ઇશરત હનીફ મોતીવાલા સાહેબા, માનદ મંત્રી તરીકે જનાબ અલી મોહમદ પીપરાણી સાહેબ અને ઉપ પ્રમુખ તરીકે જ. ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા સાહેબને ખાસ એવોર્ડ તરીકે શીલ્ડ અર્પણ કરાયા હતા. જ. અ. ગફાર મેમણએ ઉપરોકત ત્રણએ ઓહદેદારોની નિખાલશ સેવા કારકરદગીનો અને ખાસ કરીને જ. અલીમોહમદ પીપરાણીની અથુથક મેહનત અને નિસ્વાર્થ સેવાની ભારોભાર તારીફ કરી હતી અને તેમને મુબારકબાદ આપી હતી.

આ પ્રસંગે સોસાયટીને મળેલા ભીન ભીન પ્રકારના ૮૬. ઇનામો હાજરીજનોમાં લોટરી ધ્વારા આપવામાં આવ્યા હતા.

પોતાના ટુંકા આભાર પ્રવચનમાં પ્રમુખ જ. અલીમોહમદ પીપરાણીએ હાજરીજનોનો અને ખાસ કરીને મોઘેરા મેહમાનોનો અને શીલ્ડ અર્પણ કરાયા બદલ ત્રણે ઓધ્ધેદારો વતી આભાર માન્યું હતું. અને આંતરિક વિકાસ કામના છેલ્લા તબકાઓનું કામ ઝડપથી આગળ વધાસ્વાનું અને પુરો કરવાનું પુન ઉચ્ચાર કર્યું હતું.

વડાલ મેમણ અંજુમનના ઉત્સાહી માનદ મંત્રી અને સોસાયટીના ખંતીલા કાર્યકર જ. ઝકરીયા ઇસમાઇલ વડલાવાલાએ જલ્સાનું પોતાની અનોખી અને અનેરી ઢબે મેમણી-ઉર્દુમાં સુંદર સંચાલન કર્યું હતું જલ્સાના અંતે જ. ઇકબાલ કાશમાણી સાહેબની દેખરેખ હેઠળ-ફેડરેશનના કાનુનને આધીન-વન-ડીશ જમણ પીરસાયું હતું.

મોડી રાતના જલ્સો પુરો થયો ત્યારે લગભગ ૮ કલાકની સતત થકાણ છતાં સભ્યો જ્યારે ઘેર માટે પાછા ફર્યા ત્યારે 'મેમણ નગર'માં આપણું પોતાનું-આગવુ પ્લોટનો કબ્જો હવે ઓગસ્ટમાં મળી જાશે, તેવી જાતનો સંતોષ તેમના ચેહરા ઉપર સાફ સાફ જણાય રહયું હતું. જલ્સામાં જ. રફીક નુર એ "મેમણ નગર કવમ જો આય" વાળી ગઝલ રજુ કરીને ભારે દાદ મેળવી હતી.

CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ
# હાઉસીંગ સોસાયટી લીમીટેડ

ની મેનેજીંગ કમીટી વતી માનંદ મંત્રી

## જનાબ હાજી મોહમદ અમીન જમાલે

રજુ કરેલો સંસ્થાનો

# ૨૦મો વાર્ષીક ઓડીટ હિસાબ-કિતાબ
# અને પ્રવૃત્તિઓનો અહેવાલ
## સન ૧૯૯૦-૯૧



માનવંતા પ્રમુખ સાહેબ,
કારોબારી કમેટીના માનનિય સભ્યો,
મોહતરમ પ્લોટ હોલ્ડરો ભાઇઓ અને
બ્હેનોની સેવામાં સલામુન અલયક

અલ્લાહતાઆલાના ફઝલો કરમથી આપણી સોસાયટી ૨૦મો વર્ષ પુરો કરીને હવે ૨૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન આપ ભાઇ બ્હેનોના મળેલા સાથ સહકારના પરીણામે ગત વર્ષમાં સંસ્થાએ બજાવેલી કામગીરીનો ટુંક રીપોર્ટ તથા હિસાબ-કિતાબ આપ સમક્ષ રજુ કરતા હર્ષ અનુભવુ છું.

ગામવાદથી પર સંસ્થા

આ હકીકતથી આપ સહુ જાણકાર છે કે આપણી સોસાયટી ગામવાદથી પર રહીને કોમની સમુહ વસાહત ઉપર ગંભીર રીતે કામ કરી રહી છે. આપણી સોસાયટીમાં વધુ પડતા સભ્યો મધ્યમ, નોકરીયાત તથા ગરીબ વર્ગથી સબંધ ધરાવે છે, જેમાં નિરાધાર એવા બાઇઓનું પણ સમાવેશ થઇ જાય છે.

ચુંટણીઓ

મને આ વાત જમાવતા અત્યંત ખુશી થાય છે કે ૧૯૮૩ જુલાઇથી જ્યારથી નવી ચુંટાએલી મેનેજીંગ કમેટીએ સંસ્થાની જવાબદારીઓ સંભાળેલ છે ત્યારથી નિયમિત રીતે દર વર્ષે વાર્ષીક ચુંટણીઓ તથા વાર્ષીક સભાઓ યોજવામાં આવતી રહી છે.

ગયા વર્ષે ૨૫મી ડીસેમ્બર ૧૯૯૦ના ૧૯મી વાર્ષીક સામાન્ય સભા તથા ચુંટણીઓ યોજવામાં આવેલ હતી જેમાં આપ સહુ ભાઇ બ્હેનોના સાથ અને સહકારથી સોસાયટીના ખંતીલા કાર્યકર જનાબ અલી મોહમદ પીપરાણીને પ્રમુખ તરીકે અને મેનેજીંગ કમેટીના સભ્યો તરીકે સરવે જનાબ ઝકરીયા ઇસમાઇલ, જ. ઇકબાલ કાશમાણી, જ. અ. કાદર બખશી,

આ લખનાર અમીન જ. જમાલ તથા જ. અલીમોહમદ પીપરાણી વધુમતીથી ચુંટાએલા જાહેર કરાયા હતા.

બાદમાં જ. પીપરાણીની મેનેજીંગ કમીટીની ખાલી થયેલી જગ્યા ઉપર જ. મોહમદ યુનુસ ઇબ્રાહીમ અન્ધા સાહેબને કમેટીના સભ્ય તરીકે કો-ઓપ્ટ કરાયા હતા.

આ વર્ષે એ અમારી ઘણી બધી કોશીષો છતા અમો પ્રણાલીકા મુજબ ઓકટોબર માસમાં ચુંટણીઓ યોજી શકેલ નથી તેનો અફસોસ છે. ૧૯૯૦માં તે વખતના સંચાલકો ચુંટણીઓની તારીખો લંબાવીને, ઓકટોબરના બદલે જાન્યુઆરીમાં યોજેલ હતી. પણ ગયા વર્ષે એ અમારી કમેટીએ ડીસેમ્બર માસમાં અને આ વખતે નવેમ્બર માસમાં ચુંટણીઓ યોજી રહી છે અને મને પુરી ઉમેદ છે કે આવતા વર્ષથી ઇ.અ, અમો આપણી આગલી પ્રણાલીકા મુજબ ચુંટણીઓ ઓકટોબર માસમાં યોજી શકીશું.

માનંદ મંત્રી

ડીસેમ્બર ૧૯૯૦ની વાર્ષીક ચુંટણીઓ પછી મેનેજીંગ કમેટીએ જનાબ ગુલમોહંમદ સુલેમાન મદ્રાસવાલાને માનદ મંત્રી તરીકે અને નાચીજને ઉપ પ્રમુખ તરીકે વરણી કરી હતી.

જ. ગુલમોહમદ સુલેમાન મદ્રાસવાલા સાહેબ એ પોતાની યથા શકિતી મુજબ બહુજ સુંદર સેવાઓ આપી હતી. તેઓ જુન ૧૯૯૧ માં પોતાની અંગત રોકાણોના કારણે માનંદ મંત્રી તરીકેની ફરજ માટે અશકિત/લાચારી દર્શાવતા આ નાચીજને માનંદ મંત્રી તરીકે નિમવામાં આવેલ અને સોસાયટીના ખંતીલા કાર્યકર અને વર્ષોથી લગાતાર સેવા આપનાર જ. ઇકબ ાલઇસ્માઇલ માંગરોલવાલા સાહેબની ઉપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ.

આ પ્રસંગે હું મારા વતી તેમજ આપ સહુ વતી માનંદ મંત્રી તરીકે સુંદર સેવા આપનાર જ. ગુલમોહમદ સુલેમાન મદ્રાસવાલા સાહેબનો અત્યંત આભાર માનું છું.

ચુંટણી કમીશનર

દર વર્ષની જેમ ગયા વર્ષએ પણ જ. આહમદ ઉમર ઇશાની સાહેબ એ આપની વિનંતીથી ઇલેકશન કમીશનર તરીકે ઉમદા સેવા આપેલ. તેમની કવમ ઉપયોગી આ ખામોશ સેવાની અમો કદરની સાથે નોંધ લઇએ છીએ અને આપ સઉ વતી હું તેમનો ઘણો બધો આભાર માનું છું.

આ વર્ષએ ચુંટણી કમીશનર તરીકેની સેવા માટે અમો માંગળોલ મેમણ જમાતના એક અતિ નવયુવાન ધારાશાસ્ત્રી (એડવોકેટ) જનાબ મોહમદ ઇબ્રાહીમ 'આઝમી' સાહેબને વિનંતી કરેલ. માંગરોલ જમાતના આ નવયુવાન સામાજીક કાર્યકર આપણી વિનંતીને માન આપી આ વંષની ચુંટણી કમીશનરને તરીકે પોતાની સેવાઓ આપેલ તે ખરેખર આપણા સહુ માટે હર્ષની વાત છે. આજની ચુંટણીઓ તેમની નિગરાની હેઠળ યોજય રહી છે.

હું આજના પ્રવચનમાં તેમની આ સેવાની કદરની સાથે નોંધ ન લઉ તો મારો પ્રવચન અધુરો લેખાશે. આપ હાજરીજનો વતી હું તેમનો ઘણો બધો આભાર માનું છું.

ટુંક સમય મર્યાદા

ઉપરોકત ચુંટણીઓની તારીખોથી આપ

જાણી શકયા હશો કે આ વર્ષ એ અમારી કમેટી પાસે બહુજ ટુંક સમય હતો. ડીસેમ્બર ૯૦ની ૨૫મી તારીખના ચુંટણીઓ થઇ અને ૩૦, જુનના વર્ષ પુરા થયા, ફકત ૬ માસ તેમજ જુલાઇ ઓગસ્ટના બ્રણ માસ એમ કુલ ફકત નવ માસનો સમય મલ્યો જે સોસાયટીના સામે પડેલા ઢગલા બંધ કામો માટે બહુજ અપુરતો હતો– તેમ છતાં અમારી કમેટીએ જે કંઇ નવ માસની દરમ્યાન કામ કરી શકેલ તેની ટુંક નોંધ રજુ કરી રહયો છું.

## મીટીંગો

વર્ષ દરમ્યાન મેનેજીંગ કમેટીની કુલ ૧૫, મીટીંગો થઇ હતી જેમાં સભ્યોની હાજરી નિચે મજબ રહી હતી.

### મીટીંગોની હાજરીની નોંધ

[કુલ મીટીંગો ૧૫]

| | | હાજરી | ગેર-હાજરી |
|---|---|---|---|
| જ. અલીમોહમદ પીપરાણી | (પ્રમુખ) | ૧૫ | X |
| જ. ઇકબાલ માંગળોલવાલા | (ઉપપ્રમુખ) | ૮ | ૭ |
| જ. હાજી અમીન જમાલ | (માનદ મંત્રી) | ૧૦ | ૫ |
| જ. ગુલમોહમદ સુલેમાન | સભ્ય | ૧૪ | ૧ |
| જ. રફીક નુર | ,, | ૧૪ | ૧ |
| જ. અ. ગની છાપરા | ,, | ૮ | ૭ |
| જ. આહમદ દીવાન | ,, | ૭ | ૮ |
| જ. અલીમોહમદ માયા | ,, | ૪ | ૧૧ |
| જ. ઝકરીકા ઇસમાઇલ | ,, | ૯ | ૬ |
| જ. અ. સતાર સુલેમાન બાંગડા | ,, | ૧૪ | ૧ |
| જ. અ. રજાક હાજી મોહમદ | ,, | ૨ | ૧૩ |
| જ. ઇકબાલ કાશમાણી | ,, | ૨ | ૧૩ |
| જ. ગુલામ હુસેન હબીબ | ,, | ૧ | ૧૪ |
| જ. અજીજ સુલેમાન | ,, | ૨ | ૧૩ |
| જ. અ. કાદર બખશી | | ૧૩ | ૨ |
| જ. મો. યુનુસ ઇબ્રાહીમ અન્ધા | ,, | ૭ | ૮ |

ઉપરોકત હાજરી નોંધથી આપણે એ જોઇ શકીએ છીએ કે અમુક સભ્યો હજુ પણ પોતાની જવાબદારીઓને સમજી શકયા નથી. અને ઘણી વખતે તેમની ગેરહાજરીથી સોસાયટીની પ્રવર્તીઓ ઘણું બધું સહન કરવું પડે છે, એટલે અલ્લાહના વાસ્તે હું તમામ સભ્યોને અરજ કરૂં છું કે ખુદાના વાસ્તે આપ લોકો પોતાની જવાદારીઓને સમજો અને કવમની આ ઉભરી રહેલી પહેલી મેમણ નગર વસાહતને એક હકીકત સ્વરૂપ આપવા પોતાનો બનતો સાથ અને સહકાર આપો.

## પાણીની લાઇનના કનેકશન

આ બાબત અમો ગત વર્ષના રીપોર્ટમાં વિગતવાર લખ્યું હતું. અલ્લાહતા'આલાની ખાસ મહેરબાની અને ફઝીલતથી અને આપ સહુ ભાઇ–બહેનોની ભલી દુવાથી આ કામમાં આપણી કમેટીએ ઘણી પ્રગતિ સાધેલછે. તા. ૧૭-૧૦ ૯૦થી સતત અત્યાર સુધી આ લખાય રહ્યું છે, કરાચીના મેયર જેઓ વોટર બોર્ડ કરાચીના ચેરમેન પણ છે તેમનાથી મલીને છેવટે આખર પાણીના નવા કનેકશ ઉપર પ્રતિબંધ હોવા છતાં મે માસ ૧૯૯૧ની વોટર બોર્ડની મીટીંગમાં આપણી સોસાયટીને પાણીની લાઇનના કનેકશનને મંજુરી આપવામાં આવેલ હતી. આ કામમાં જાતી દીલચશ્પી લેવા બદલ હું સોસાયટી વતી મેમણ બિરાદરીના ડૉ. ફારૂક અ. સત્તાર સાહેબનો અંતરપુર્વક આભાર શાનું છું. તેમના આ માયાળુ અને ભરપુર સહકારની કદર માટે સોસાયટી તરફથી ૨૪મી મે ૧૯૯૧ રાખવામાં આવેલા ભવ્ય ઇદ મીલન સમારંભમાં તેમને ખાસ મહેમાન તરીકે નોતરવામાં આવેલ હતા, પણ છેક છેલ્લી ઘડીએ તેમની જ. અલતાફ હુસેન સાહેબની સાથે જરૂરી મીટીંગના કારણે તેઓ

જલસામાં આવી શકયા ન હતા. (જલસાનો સંપુર્ણ રીપોર્ટ અન્ય સ્થળે આપેલ છે.

## પાણીના કનેકશનો માટે લાખો રૂપીયાનો આકરો બોજ

એક તરફ તો પાણીની લાઇનના કનેકશનને મંજુરી મળ્યાની આપણે સહુને અનહદ ખુશી થઇ તો હાલની બીજી બાજુ પાણીના માટે વોટર બોર્ડે અનુક્રમે સેકટર ૧૩ માટે રૂા. ૧૧,૨૩,૨૧૩ અને સેકટર ૧૫ માટે રૂા. ૨૧,૫૫,૬૨૦ એમ રૂા. ૩૨,૭૮,૮૩૩ના ચાલાન જારી કરાય રહયાની જ્યારે અમોને જાણ થઇ તો સોસાયટીના સંચાલકો ખળભળી ઉઠયા અને તા. ક, તા. ૨૪ મે ૧૯૯૧ના જલસા માટે મેયર ડો. ફારૂક સત્તાર સાહેબને અપાનારા સત્કાર પ્રવચનમાં આ વિષયનો સમાવેશ કરીને મજકુર આકરા અને અસહય બોજની સોસાયટીના સભ્યો ઉપર પડનારી અસરો અને નાણાકીય તકલીફો પ્રત્યે તેમનું ધ્યાન દોરવામાં આવેલ હતું. અને તેના ઉપર પુન-વિચારણા કરવાની વિનંતી કરાઇ હતી. તે પછી મીટીંગો-ચાદીઓ અને પત્રવ્યવહારનો સીલસીલો શરૂ થએલ અને હાલ છેલ્લી તા. ૧૮-૯-૧૯૯૧ના સોસાયટીનો વગદાર પ્રતિનિધીમંડળ પ્રમુખ જ. અલીમોહમદ પીપરાણીની આગેવાની હેઠળ જ. મેયર સાહેબથી મળ્યુ હતું. આ પ્રસંગે આપણા ઉપપ્રમુખ જ. મેહંમદ ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા સાહેબ તથ. કમેટીના અગ્રગણ્ય સભ્ય જનાબ મોહમદ ઝકરીયા ઇસ્માઇલ વડાલાવાલાએ ભરપુર દલીલો અને આંકડાઓની મદદથી આપણો કેસ રજુ કર્યો હતો અને તે વખતે મેયર સાહેબે બહુજ શાંતીથી સાંભળ્યા બાદ આ કેસ ઉપર ફેર-વિચારણા કરવાનો આદેશ આપેલ હતો. મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે હવે ઇ,અ. અમને આશા બંધાણી છે કે આ બાબત આપણે જરૂર કંઇક "રાહત" મલી જશે. વોટર બોર્ડ તરફથી જે કાંઇ રાહત મલશે તો તેની આપ સહુને તરતજ ખબર કરાશે. આ કપરા કામમાં સોસાયટી વતી અવારનવાર વોટર બોર્ડના અધીકારીઓથી મલવા માટે પોતાનો કીમતી સમય આપનાર જ. ઝકરીયા ઇસમાઇલ તથા જ. રફીક નુરની સેવાઓની આપણે અત્રે જરૂર નોંધ લેવાની છે.

## કબ્જાઓ

અમારી આ શરૂઆતથી એ કોશીષ રહી છે કે પ્લોટ હોલ્ડરોના અમાનતરૂપ પ્લોટોના કબ્જાઓ જેમ બને તેમ વ્હેલી તકે તેમને આપી દેવામાં આવે અને તે માટે અમો ૧૯૮૩થી ઓફીસ સંભાળેલ ત્યારથી તે દીશામાં કામ શરૂ કરી દીપું હતું અને ક્રમવાર ૧૯૮૫માં બેલેટીંગ દ્વારા પ્લોટના નંબરો એલોટ કરવામાં આવેલ તેજ વર્ષમાં શેર સર્ટીફીકેટ તથા ૧૯૮૬માં પાસ બુકો તથા ૧૯૮૭માં એલોટમેન્ટ ઓર્ડર અપાયા અમારા અગાઉના કાર્યક્રમ મુજબ ૨૬, ઓગસ્ટ ૧૯૮૮ના કબજાઓ, આપવાનું હતું, પણ ૧૭મી ઓગસ્ટના તે વખતના રાષ્ટ્ર પ્રમુખ જનરલ ઝીયાઉલ હકની તથા તે પછી આપણી સોસાયટીના સ્થાપક સભ્ય જ, હારૂન મારફાણીના દુ:ખદ ઇન્તેકાલના કારણે ૧૯૮૮માં આ ફરજ પુરી કરી શકયા નહીં અને તે પછી ૧૯૮૯નો પુરો વર્ષ તે વખતની મેનેજીંગ કમીટીએ શા માટે વેડફી દીધો તે અલ્લાહ બહેતર જાણે છે. મારી નિમણુંક ઓગસ્ટ ૧૯૯૦ના થઇ અને અમારી વર્તમાન કમેટીએ પણ એ મેહસુસ કરેલ કે હવે કબજાઓ આપવામાં વધુ ઢીલ કરવામાં આવશે તો શાયદ સોસાયટીની જમીન

ઉપર ખુદાના ખાસ્તા કોઇ ગેરકાનુની કે બળ-જબરી કબજો થઇ ગયો તો આ બહુજ મોટી કરૂણતા હશે, એટલે અમારી મેનેજીંગ કમેટીએ તા. ૪-૧૧-૯૦ના એક ઠરાવ દ્વારા નક્કી કરેલ છે કે કબજાઓ જલ્દી આપી દેવામાં આવશે અને ૨૫-૧૨-૯૦ની ચુંટણીઓ પછી આ કામ ઉપર તા. ક. અમલ કરવામાં આવે.

અને આ બાબત પ્રમુખ જનાબ અલી-મોહમદ પીપરાણી સાહેબ તરફથી તા. ૧૨-૧૧-૯૦ના એક અગત્યની જાહેરાત કરવામાં આવેલ હતી. અને તે પછી ૧૪ ઓગસ્ટ ૧૯૯૧ની મેનેજીંગ કમેટીએ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૧મી વિધીસર કબજાઓ આપવાની શરૂઆત કરવામાં આવે તેમ નક્કી કર્યું હતું અલ્લાહ'તઆલાના ફઝલો કરમથી અને આપ સહુની ભલી દુવાઓથી આ કામની બિસ્મીલ્લાહ ૧૧ સપ્ટેબર ૧૯૯૧ મુતાબીક ૧લી રબીઉલ અવ્વલના સેકટર ૧૩-એ ઉપર યોજાયેલી એક સાદી પણ અસરકારક વિધીમાં મેમણ નગરની પ્રથમ વજુદમાં આવનારી મસ્જીદના પ્લોટના કાગળીયા મસ્જીદ કમેટીના કન્વીનર જનાબ અ. સત્તાર સુલેમાન ભાંગડા સાહેબને સોંપણી કરીને કબજાઓ આપવાના કામની બિસ્મિલ્લાહ કરવામા આવી હતી. આ અંગે તા. ૩૧-૮-૯૧ના સરક્યુલર દ્વારા આ બાબતની જાહેરાત કરી દેવામાં આવેલ છે. કબજાઓ આપવાને લગતા તમામ દસ્તાવેજી કાગળીયા જેવા કે 'પોઝેશન માટેની અરજી પત્રક' 'પોઝેશન ઓર્ડર' તથા 'પોઝેશન મલ્યાનો પત્ર' તથા તમારા પ્લોટોને લગતા 'સાઇટ પ્લાન' તેમજ કબજાઓ માટેના નીતિનિયમો વિ. તૈયાર કરી લેવામાં આવેલ છે જે સભ્યો કબજાઓ લેવાનો ઇરાદો ધરાવતા હોય તેઓ સોસાયટીની ઓફીસનો સંપર્ક સાધી શકે છે.

હાલ તુરત સેકટર ૧૩-એના કબજાઓ આપવામાં આવી રહયા છે. કારણ કે સેકટર ૧૫-એમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષાદથી થએલા નુકશાનનો અંદાજો વગાવવા માટે કન્સલટીંગ ઇન્જીનીયરને કહી દેવામાં આવેલ છે. અને તેમનો વિગતવાર સરવે રીપોર્ટ જ. યાકુબ સીદાત સાહેબથી આવી જતા તેના ઉપર તરતજ કામનો આરંભ કરી દેવામાં આવશે અને અમને ઉમેદ છે કે ઇ. અ, આગામી ડીસેમ્બર માસથી સેકટર ૧૫-એના કબજાઓનું પણ બિસ્મિલ્લાહ કરી દેવામાં આવશે આપ સહુથી મારી બિનતી છે કે આપ બારગાહે ઇલાહીમાં દુવા કરો કે અલ્લાહતઆલા આપણે આપણા આ મેમણ નગરને વસાવવામાં કામ્યાબ કરે, (આમીન)

### કન્સલટીંગ ઇન્જીનીયર

અમોએ ગયા વર્ષના રીપોર્ટમાં ઉલ્લેખ કર્યો હતો કે, આંતરિક વિકાસ કામના પહેલા અને બીજા તબકકા માટે કન્સલટીંગ ઇન્જીનીયર તરીકે આપણે મસરૂર આલમ સાહેબની સેવાઓ મેળવી હતી, આવીજ રીતે ત્રીજા અને ચોથા તબકકા માટે અનુક્રમે પાણીની આંતરિક લાઇન તથા આંતરિક રસ્તાઓ, અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક, પમ્પ હાઉસ, ઇલેકટ્રીક સબ સ્ટેશન વિ.ના બાંધકામ માટે કવોલીફાઇડ ઇન્જીનીયર માટે અરજીઓ માંગવામાં આવી હતી અને મને આ જણાવતા અત્યંત ખુશી થાય છે કે સુરત ગુજરાતથી સબંધ ધરાવતા એક સુરતી ગુજરાતી કવલીફાઇડ સીવલ ઇન્જીનીયર જ. યાકુબ સીદાત સાહેબની સોસાયટીના કન્સલટીંગ ઇન્જીનીયર તરીકે નિમણુંક કરી લેવામાં આવેલ છે. જનાબ સીદાત સાહેબ આજની મીટીંગમાં હાજર છે. મને ઉમેદ છે કે સુરતની મશહુર સીદાત ફેમેલીથી સંબંધ ધરાવતા આપણા ઇનજીનીયર આપણે

CamScanner

તેમના ઉપર રાખેલી આશાઓ ઉપર પુરા ઉતરશે.

## આંતરિક વિકાસ કાર્ય

દિનપ્રતિદિન મોંઘવારી વધતી જઇ રહી જીવન જરૂરીયાતની સાથોસાથ બાંધકામ સામગ્રીઓ જેવી કે સીમેન્ટ, લોખંડ, સરીયા' લાકડુ તથા રેતી-બજરીના ભાવોમાં બેહદ વધારો થઇ રહયો છે. તે ઉપરાંત મજદુરીના વેતનમાં અને વાહન વ્યવહાર ભાડા વિ.માં પણ વધારો થઇ રહયો છે. અને હજુ વધુ થવાનું સંભવ છે. એટલે હવે વધુ ઢીલ કરવી ડહાપણ નથી, અને અગર હવે ઢીલ કરવામાં આવશે તો તેનો બધો બોજ આપણા સભ્યો ઉપર પડશે. એટલે આપની મેનેજીંગ કમેટીને મારી પુરજોશ અપીલ છે કે આ. કામને ઝડપી રીતે આગળ વધારીને જેમ બને તેમ જલ્દી પુરા કરી લેવામાં આવે. અને તા.ક. અમલ શરૂ કરવું.

(૧) વર્ષાદ તથા રેલાબના પાણીને અટકાવવા માટે અગાઉ તૈયાર કરાયેલી ટુંકા તથા લાંબા ગાળાની યોજનાઓ ઉપર તા,ક. અમલ શરૂ કરવું.

(૨) મેમણ નગરના અંતરિક પાણીની લાઇનો નાખવી અને હાઉસ ટુ હાઉસ પાણીના કનેકશન આપવા.

(૩) મેમણ નગરના આંતરિક રોડનો બાંધકામ.

(૪) અંડર ગ્રાઉન્ડ વોટર ટેન્કર બાંધકામ,

(૫) ઇલેકટ્રીક માટે સબ – સ્ટેશનોનું બાંધકામ.

(૬) પમ્પ હાઉસનુ બાંધકામ.

(૭) વર્ષાદી નાળાઓનું બાંધકામ તથા બીજા જરૂરી કામો જેવા કે રી-ડીમારકેશન, મસ્જીદ [૨] સ્કુલ બીલ્ડીંગ [૨] દવાખાના [૨] કોમ્યુનીટી હોલ [૧] પ્લેગ્રાઉન્ડ [૨] પાર્ક [૨]ના પ્લોટોની ફરતી બાઉન્ડરીઓનું બાંધકામ વિ.નો સમાવેશ થઇ જાય છે.

## ઇલેકટ્રીક તથા ગેસ લાઇન

ઇલેકટ્રીક લાઇન બાબત આપણી કમેટીના એક અગ્રગણ્ય સભ્ય જ. અ. કાદર બખ્શી સાહેબ તથા ગેસ માટે જ. અ. સત્તાર સુલેમાન બાંગડા સાહેબ બહુજ કોશીષ કરી રહયા છે અને બન્ને ખાતાઓના અધીકારીઓથી તેમની વખતો વખત મીટીંગો થતી રહે છે. થોડા દીવસ પહેલા ગેસ કંપનીના એક આસીસ્ટન્ટ ઇનજીનીયર જ. અ. જબાર સાહેબથી આપણી ઓફીસ ઉપર મીટીંગ રાખવામ. આવી હતી. મને ઉમેદ છે કે ઇ. અ, આવતા ૨-૩ માસમાં આપણે આ દિશામાં ઘણા આગળ વધી શકીશું.

## રીવીઝન પ્લાન

અગાઉના પાસ થએલા લે-આઉટ પ્લાનને રી-વ.ઇઝ કરવાનું એટલા માટે જરૂરી થઇ પડયું હતું કે ૨૪૦ વારની કેટેગીરીની જગ્યાએ અમુક પ્લોટ હોલ્ડરોને ૧૨૦ના બે જોટા અપાયા હતા. તેને કે. ડી. એ.ના કાનુનને આધીન રહીને પુન ૨૪૦ વારના કરવા જરૂરી હતા તે ઉપરાંત જુના નકશામાં સુખાકારી (Amenities) પ્લોટ બહુજ મર્યાદીત હતા તેને વધારીને સુખાકારીના બીજા પ્લોટો જેવા કે, ઇન્ડસ્ટ્રીયલ હોમ, સ્કુલ બે ડીસ્પેનસરી બે, મસ્જીદો બે, મદરેસા ૧, પાર્ક ૨, રમતના મેદાન વિગેરે માટે જોગવાઇ કરવાની હતી અને ખ.સ કરીને મેમણ નગરમા

જેમને પ્લોટ મળી શકેલ નથી તેમને કમ અઝ કમ એમજ નગરની 'મલ્ટી'માં એકાદ 'ફ્લેટ' જરૂર મળી શકે તે માટે, કોમર્શીયલ પ્લોટ ઉપર બહુમાળાની ઇમારતો Multy Story Building ઉભી કરીને તેમાં 'ઇકોનોમીક' ફ્લેટો દ્વારા નફા નહીં નુકશાન નહીના ધોરણે અન્ય અરજદારોને વસાવવાની જોગવાઇ કરવી હતી. આ બધા કામો માટે આપણી સોસાયટીના ખંતીલા ઉપ પ્રમુખ જ. ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા સાહેબના કનવીનરપદે એક પ્લાન રીવીઝન કમેટી બનાવવામાં આવેલ અને મને એ જણાવતા અત્યંત ખુશી થાય છે કે, મજકુર કમેટીએ લગાતાર ૩ માસ સુધી એકધારો કામ કરીને આ કામને પુરો કરેલ અને હવે અલ્લાહતઆલાના ફઝલો કરમથી મજકુર રી-વાઇઝડ પ્લાન કે. ડી. એ.ની મંજુરી માટે દાખલ કરી દેવામાં આવેલ છે. કરાચીના એક નામાંકિત આરકીટેક ઇન્જીનીયરની નીગરાની હેઠળ આ કામ થઇ રહયું છે. આ કામમાં અન્ય સભ્યો ઉપરાંત ખાસ કરીને જ. ઝકરીયા ઇસ્માઇલ વડાલાવાલા તથા જ. રફીક નુર અને જ. માંગરોલવાલાંની સેવાઓની આપણે કદર સાથે નોંધ લેવી જોઇએ.

### ડેવલોપમેન્ટ કમેટી

સંસ્થા ખંતીલા પ્રમુખ જ. અલીમોહમદ પીપરાણી સાહેબની આગેવાની હેઠળની આ કમેટી પોતાના કાર્યક્રમ મુજબ કામ કરી રહી છે અને અંતરિક વિકાસના ત્રીજા અને ચોથા તબક્કામાં અનુક્રમે પાણીની લાઇન તથા રસ્તાઓના બાંધકામના ટેન્ડરના દસ્તાવેજ તૈયાર થઇ ગયા છે, જે ઇ. અ. ચુંટણીઓ પછી તરતજ તેના ઉપર અમલ શરૂ થઇ જશે.

### હાય પાવર કમેટી

અત્યાર સુધી પેન્ડીંગમાં પડેલા લગભગ બધા કેસોનો નિકાલ કરી દેવામાં આવેલ છે.

### પઝેશન કમેટી

(કબજાઓ આપવા માટેની કમેટી)

આ વર્ષની ૧૧. સપ્ટેમ્બર માસથી કબજાઓ આપવાની કામગીરીનો આરંભ—બિસ્મીલ્લાહ થઇ ચુકયો છે. અને કબજાઓ આપવા માટે જનાબ ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા સાહેબના કનવીનરપદે એક કમેટીની રચના કરી દેવામાં આવેલ છે. કબજાઓ અંગે કોઇ પણ જાતની શીકાયત હોય તો તેઓ આ કમેટીનો સંપર્ક સાધી શકે છે.

### ટ્રાન્સફર કમેટી

એ વર્ષ દરમ્યાન ટ્રાંસફરની બધી અરજીઓ મંજુર કરેલ છે,

### દસ્તાવેજો

આપ સહુને ફરી યાદ અપાવું છું કે અગર આપ લોકોમાંથી જેઓએ હજુ સુધી, શેર સર્ટીફીકેટ, પાસબુક અને એલોટમેંટ ઓર્ડર મેળવેલ નથી તેઓ સંસ્થાની ઓફીસથી મેળવી લીએ કારણ કે પ્લોટના કબજા લેવા સમયે આ બધા દસ્તાવેજો આપની પાસે હોવા જરૂરી છે.

### સસ્થાની નાણાકિય સ્થિતી

અલ્લાહના ફઝલો કરમથી અને આપ ભાઇઓના સહકારથી સોસાયટીની નાણાકિય સ્થિતી દીનપ્રતિદીન સુધરતી જઇ રહી છે.

૧૯૮૩ જુલાઇ માસમાં આપણી નવી ચુંટાએલી મેનેજીંગ કમેટીએ ચાર્જ સંભાળ્યું ત્યારે પગાર આપવા માટે પણ પૈસા નહતા. આપસમાં ઉધાર ઉછીના લઇને પગાર આપ્યો હતો જ્યારે કે આજે આટલો પ્રગતિદાયક કામ થઇ રહયું છે તેમ છતાં ફીક્સ ડીપોઝીટશાં ૧૯૮૩-૮૪ના અંતે નવ લાખ, ૮૪-૮૫માં ૧૨ લાખ, ૮૫-૮૬માં ૧૫ લાખ, ૮૬--૮૭માં ૨૭ લાખ ૮૭-૮૮માં ૪૦ લાખ ત્યા ૮૮/૮૯ માં જ. પીપરાણીની કમેટીએ ફરી ચાર્જ

CamScanner

સંભાળેલ ત્યારે રૂા. ૪૩ લાખ અને ૮૯/૯૦ના તે વધીને રૂા. ૪૯ લાખ અને આ વર્ષના અંતે (૩૦-૬-૯૧)ના રૂા, ૫૨, લાખ સુધી પહોંચી ગઇ છે જે સંસ્થાની સધ્ધર નાણાકિય સ્થિતીનો ચીતાર છે। સંસ્થાની નાણકિય હાલતને ઉતરોતર સધ્ધરતા પર લાવવા માટે મેનેજીંગ કમેટીના તમામ સભ્યોએ જે સલાહ સુચનો અને કોશીષો કરતા આવેલ છે. તેની હું કદરની સાથે નોંધ લઉં છું.

અત્યાર સુધી સંસ્થાના ઓફીસથી બીજા ખર્ચાઓ ઉપરોકત ફીકસ ડીપોઝીટમાં પડેલી રકમો ઉપર માલના નફા ધ્વારા પુરા કરવામાં આવે છે. તે ઉપરાંત મજકુર નફા ધ્વારા ૧૯૭૧ થી ૧૯૮૦ દરમ્યાન, સોસાયટીને ભોગવવા પડેલા ખર્ચાઓ પણ કવર થએલ છે.

મસ્જીદ માટે અપીલ

મેમણ નગરના બન્ને સેકટરમાં એકએક આલીશાન મસ્જીદોનું બાંધકામ ઇ.અ. ટુંકમાંજ શરૂ કરવામાં આવશે, મારી આપ સહુથી વિનંતી છે કે મસ્જીદના બાંધકામના નેક કામમાં સોસાયટીની પુરી મદદ કરે આ માટે મસ્જીદનું ફન્ડ કાયમ કરવામાં આવેલ છે જેમાં દરેક જણ પોતાનો કિમતી ફાળો નોંધાવી શકે છે,

આભાર દર્શન

અંતમાં હું હમેશા સાથ સહકાર આપનાર કોમી અગ્રેસરોએ ખાસ કરીને અલહાજ ઝકરીયા કામદાર મેમણ ફેડરેશનના પ્રમુખ જ. હાજી હનીફ તૈયબ. યુનાઇટેડ મેમણ જમાતના પ્રમુખ જ. જસ્ટીસ અ. હફીઝ મેમણ ફેડરેશન ઓફ મેમણ હાઉસીંગ સોસાયટીના જનરલ સેક્રેટરી જ. મો. સીદ્દીક પોલાણી, જ. હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, અને જ. યાહયા બાડીલ, જેઓ વખતો વખત પોતાનો કીમતી સમય આપીને સંસ્થાને પોતાના અમુલ્ય સલાહ સુચનો અને માર્ગદર્શન આપતા રહયા,

રીપોર્ટમાં અગર હું મોહતરમા ઇશરત હનીફ મોતીવાલા જ. મો. ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા તથા જ. અલીમોહંમદ પીપરાનીના નામનો ઉલ્લેખ ન કરૂં તો આ રીપોર્ટ અધુરો લેખાશે. ઉપરોકત ત્રણ જણ અનુક્રમે પ્રમુખ, ઉપ પ્રમુખ અને માનદ મંત્રી તરીકે ૧૯૮૩-૮૪ થી છેક ૧૯૮૯-૯૦ સુધી સતત ૫ વર્ષ સુધી એકધારી સુંદર અને સરસ સેવા બજાવેલ છે અને તેમના સમયમાં સોસાયટીએ જે પ્રગતી કરી છે તે ખરેખર દાદને પાત્ર છે. હું આ તકે આપ સહુ વતી મોહતરમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબનો, જ. મો. ઇકબાલ માંગરોલવાલાનો તથા જ. અલીમોહમદ પીપરાનીનો ખાસ આભાર માનું છું.

તે ઉપરાંત રજીસ્ટ્રાર ઓફીસના અધિકારીઓનો તથા માનદ ઇલેકશન કમીસનર જ. ઉમર ઇસાની સાહેબનો આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સમાચારો પોતાના અખબારોમાં પ્રગટ કરવા બદલ ડોન ગુજરાતી મિલ્લત, વતન, મેમણ બુલેટીન, મેમણ આલમ, અને મેમણ ન્યુઝના તત્રી સાહેબનો તેમના મયાળુ સહકાર બદલ આભાર માનું છું.

એ સિવાય આપણ કાનુની સલાહકાર જ, અ. લતીફ, અ, શકુર, જ. આરીફ બિલાલ, તથા મીટીંગો માટે ગોસીયા હોલ બદલ જ. નુરમોહમદ ઉરૂસવાલાનો તેમના ઓફીસ સ્ટાફનો અને બીજાઓનો જેમના નામોનો અત્રે ઉલ્લેખ નથી બધાનો ખરા અતપુર્વક આભાર માનું છું.


અંતમાં રીપોર્ટ શાંતિથી સાંભળવા બદલ અને મને અવારનવાર સહકાર આપવા બદલ આપ તમામ હાજરીનો અને સભ્યોનો દીલી આભાર માનુ છું.

ખુદાવંદ કરીમ આપણે સૌને નેકનીયત, ઇમાનદારી અને સંપથી કોમની ખીદમત કરવાની તૌફીક અતા ફરમાવે.


વમા તોફીક ઇલ્લા બિલ્લા

—આમીન.

CamScanner





۲۴ مئی ۱۹۹۱ء کے سوسائٹی کی طرف سے منعقد کئے گئے عید ملن کے شاندار جلسے کی یادگار
تقریب میں سوسائٹی کے صدر جناب علی محمد پپرانی صاحب تقریر کر رہے ہیں۔




۲۴ مئی ۱۹۹۱ء کے سوسائٹی کی طرف سے منعقد کئے گئے عید ملن کے شاندار جلسے کی یادگار
تقریب میں معزز مہمانان گرامی (دائیں سے بائیں) جناب علی محمد پپرانی۔ جناب حنیف حاجی طیب۔
جناب الحاج ذکریا کا مدار۔ جناب امین جمال۔ جناب گل محمد۔ جناب اقبال اسماعیل مانگرول والا،
جناب عبدالغفار میمن۔

CS CamScanner



# آل میمن ویلفیئر کواپریٹو ہاؤسنگ

## سوسائٹی لمیٹیڈ کے نائب صدر، ٹرانسفر سب کمیٹی اور ریژن سب کمیٹی پلان سب کمیٹی، فنکشن سب کمیٹی کے کنونیئر جناب اقبال صاحب مانگرول والا کی تقریر

معزز ممبران

السلام وعلیکم

اس سال مجھے ٹرانسفر سب کمیٹی، ریویژن پلان سب کمیٹی فنکشن سب کمیٹی کی کنونیئر شپ کی ذمہ داری سونپی گئی اور جس کی کارکردگی کا مختصر جائزہ۔ آپ کی خدمت میں پیش کر رہا ہوں

**فنکشن کمیٹی** کے کام میں نمایاں عید ملن رہی جس کا آپ سب کو بخوبی علم ہے کہ اس میں میمن برادری کی نامور شخصیتوں نے شرکت کی اور میمن نگر کے معائنہ کے بعد اب تک جو کام ہوا ہے اس کو سراہا اور عید ملن کو جملہ ممبران کا ایک دوسرے سے ملنے کا اور سوسائٹی پر اعتماد کا مظہر قرار دیا۔

## ریویژن سائٹ پلان

ایک عرصہ سے اس ضرورت کو محسوس کیا جارہا تھا کہ میمن نگر کی زمین پر فلاحی پلاٹ کو وسعت دی جائے اور چند ممبران کو تکلیف بھی تھی کہ ۱۲۰ گز کی جوڑیاں دی جارہی تھیں جس کی K.D.A. اجازت بھی نہیں دیتی اس کو بھی ۲۴۰ گز بنانے کے سلسلے میں پلان پر نظر ثانی کی گئی اور فلاحی پلاٹ کے رقبے بھی بڑھادیئے تاکہ مستقبل میں میمن نگر کے باسیوں کو فلاحی پلاٹوں کی کمی محسوس نہ ہو اور ایک مثالی بستی بن سکے۔

## ٹرانسفر کمیٹی

ٹرانسفر کے سلسلے میں یہ پالیسی رہی ہے کہ ممبران کو کسی قسم کی تکلیف ٹرانسفر کے سلسلے میں نہ ہو۔

CamScanner

جہاں دو کیس کمیٹی میں آتے تھے وہاں وقت کے تعین کے بغیر یعنی ایک میٹنگ اگر دو روز پہلے ہو چکی ہے اور دو کیس آگئے ہیں تو اسی وقت یعنی دو روز بعد ہی میٹنگ بلا لی گئی تاکہ ممبران کو جلد از جلد ٹرانسفر کی سہولت بہم پہنچائی جائے۔

مندرجہ بالا جملہ کام ایک فرد واحد کے بس کی بات نہیں ہے یہ ایک ٹیم ورک ہوتا ہے اور مجھے یہ کہنے میں ذرا بھی عار نہیں ہے کہ اس کام میں میرا جناب علی محمد صاحب پیرانی۔ امین جمال صاحب اور رفیق نور صاحب نے بھرپور ساتھ دیا۔ اس کے ساتھ ہی میں اگر آفس سیکرٹری جناب محمد سہیل چھاپرا کے تعاون کا ذکر نہ کروں تو زیادتی ہوگی۔

جہاں لوگوں نے میرے کام کو سراہا وہاں چند ممبران نے اپنے تنقید کے حق کو بھی استعمال کیا جو کہ ہر ایک ممبر کا جمہوری حق ہے اور میرا ایمان ہے کہ اگر جو کچھ کام ہوا ہے تو انہیں کی تنقید کے مرہون منت ہے۔ ورنہ یہ کام ناممکن نہیں تو مشکل ضرور تھا۔


میں پاک پروردگار سے دعا گو ہوں کہ اللہ تعالیٰ ہمیں اور آپ کو ہمت اور استقامت عطا فرمائے تاکہ انسانیت کی خدمت قرآن اور سنت کے اصولوں کے مطابق انجام دیں۔

شکریہ

محمد اقبال اسمعیل

مانگرول والا

CamScanner



سوسائٹی کی طرف سے منعقدہ ۱۱ ستمبر ۱۹۹۱ء کی منعقدہ ایک سادہ مگر پُر وقار تقریب
میں مسجد کمیٹی کے کنوینر جناب عبدالستار بھنگڑا صاحب میمن نگر کی پہلی مسجد کے قبضہ کے کاغذات وصول کر رہے ہیں۔



سوسائٹی کے اہم وفد سے سوسائٹی کے صدر علی محمد بہرانی صاحب کی قیادت میں میئر کراچی ڈاکٹر محمد فاروق س
سے ملاقات کی اور انہیں کراچی واٹر سیوریج بورڈ کی طرف سے پانی کے کنکشن کے /327833 کے چالان کے مت
بات چیت کی۔

CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડના પ્રમુખ જનાબ અલીમોહમદ પીપરાણીની



# ત. ક રી ર

માનનીય સભ્યો,
સજ્જનો અને બહેનો,
અસ્સલામાલેકુમ,

આજની આ ૨૦મી વાર્ષિક સભામાં આપ સૌને આવકારતા અનહદ આનંદ અનુભવું છું.

સંસ્થાની પ્રવૃત્તિઓનો શબ્દ ચિતાર સોસાયટીના માનદ ખંતીલા અને ખેલદીલ માનદ મંત્રી જ. હાજી મોહમદ અમીન જમાલ સાહેબે આપ સૌ સમક્ષ સુંદર રીતે રજુ કર્યો છે. માનદ મત્રીની છણાવટ પછી મારે વધુ કહીને તમારો કીમતી સમય વ્યર્થ કરવાની મને જરૂરત જણાતી નથી.

આજની આ વાર્ષિક સભા સમક્ષ મારા બચાવ ખાતર નહિં પણ સોસાયટીતા હીત ખાતર મારે સાચી હકીકત રજુ ન કરી મારા અંતરઆત્માને સાથે છેતરપીંડી કરીને હું અલ્લાહનો ગુનેહગાર થવા માંગતો નથી આજે હું તમારા સમક્ષ સત્ય કથનને વાચા ના આપી તો અલ્લાહ કયારે પણ માફ નહિજ કરે.

આજની આ વાર્ષિક સભા પ્રસંગે હું આપ સહુનો થોડીવાર માટે ભુતકાળ તરફ ધ્યાન દોરૂં છું. અમોએ જે વાતાવરણ અને અંધાધુંધીના યુગમાં આ સંસ્થાનો કબજો સંભાળ્યો તે ખરેખર એક વેરવિખેર યુગ હતો, સંસ્થા મરણ પથારીએ પહોંચી ચુકી હતી. માજીના ઓહદેદારોએ બન્ને હાથોથી લાખોની ઘાલમેલ કરીને તેને લુલી–લંગડી બનાવી દીધી હતી અને સંસ્થા નાણાકીય ઉપરાંત ઘણા બધા પ્રશ્નોની શીકાર બની ગઇ હતી.

આવી પરિસ્થીતીમાં મારા સાથીઓ આગળ આવ્યા. આવેલા પડકારને ઝીલી લીધો અને અલ્લાહતાઅલાના ફઝલો કરમથી સંસ્થાને એક એવી જગયાએ લાવીને ઉભી કરી દીધી કે જોનારા આશ્ચર્યચકિત થઇ ગયા. અમો કદી ખોટા દાવાઓ ઉપર કે ખોટા પ્રચાર ઉપર યકીન રાખતા નથી બલકે પોતાની જાત મહેનત અને અમલી પ્રયાસો વડે સંસ્થાની કામગીરીને આગળ વધારીએ છીએ અને અમારા આ અમલી કોશીષોનો જીવંત દાખલો હુઝુર (સ. અ. વ.)ના માહે મુબારકની ૧લી રબીઉલ અવલ હી. ૧૪૧૨ મુતાબીક ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૧નો દીવસ છે. જયારે આપણી આ કમેટીએ આપણા સર્વેના સ્વપનાઓનું અમલી સ્વરૂપ જોયું– ૧૧મી સપ્ટેમ્બરના મેમણ નગરના કબજાઓ આપવાની શરૂઆત કરવામાં આવેલ અને સહુ પ્રથમ

અલ્લાહતઆલાના ઘર-યાને મસ્જીદના પ્લોટના કબજાઓના કાગળીયા મસ્જીદ કમેટીના કન્વેનર જ. અ. સત્તાર સુલેમાન ભાંગડા સાહેબને આપીને પ્લોટોના કબજાઓ આપવાની બિસ્મીલાહ કરવામાં આવેલ. મને સંતોષ છે કે, અલ્લાહના ઘર--મસ્જીદથી આ કામની શરૂઆત થઇ છે અને હવે તેમાં અલ્લાહતઆલાની રહેમતો શામીલ હાલ રહેશે- અને જે કાઇ રૂકાવટો આવશે અથવા જે કોઇ તેમાં રૂકાવટો ઉભી કરવાની કોશીષ કરશે. અલ્લાહતઆલા આપણી મદદ કરશે.

મારે આજના પ્રસંગે તમારાથી ઘણી બધી વાતો કરવી છે. પણ સમય નથી ફકત એટલુંજ કહીશ કે, કામ કરવું નહી અને કરવા દેવું નહી તેમજ ટીકા ખાતર ટીકા કરવામાં જેઓ યકીન રાખે છે તેઓ સોસાયટીના કામમાં રૂકાવટો ઉભી કરી રહયા છે. મતભેદ અને મનફેર તો બધી જગ્યાએ હોય છે. આપસના મામલાઓ આપસમાં અગર પતી શકતા ન હોય તો આપણી કવમના અગ્રેસરો, વડીલો સમક્ષ રજુ થઇ શકાય છે. પણ પોતાની મનમાની ન થઇ હોય તો અને પોતાની નેતાગીરીની દુકાન ચમકાવવા માટે સરકારી અધીકારીઓ પાસે જવું અને તેમને આપણી સંસ્થાનું લાખોનું ભંડોળ અને અસ્કયામતો હડપ કરી જવા માટે માર્ગ મોકળું કરી આપવું એ કેવી જાતની 'કવમી સેવા છે?' હાલમાંજ એક ભાઇએ સંસ્થાની પ્રવૃતિઓ થંભાવી દેવાની નામદાર સરકારને અરજી કરેલ છે. અને આડકતરી રીતે સંસ્થાનો વહીવટ આપણા હાથમાંથી ત્રીજા હાથમાં ચાલ્યો જાય તેવી ગંદી રમત રમવાની કોશીષ કરી છે- અલ્લાહતઆલાની ઘણીબધી મહેરબાની થઇ અને તેના ફજલ થયા આપણી સંસ્થા આ મોટા બોહરાનથી બચી ગઇ, વખત આવીએ અમો આ બાબત વધુ પડદો હઠાવશું-અને કવમના કાળા-ઘેટાઓને ખુલ્લા પાડશું ઇ, અ.

આજની આ ૨૦મી વાર્ષીક સભા સમયે મારે એક અગત્યની જાહેરાત કરવી છે જે નીચે મુજબ છે.

અમારી કમેટીએ એવું નકકી કર્યું છે કે, જે ભાઇઓએ મેમણ નગરમાં પ્લોટ મેળવી શકેલ નથી તેમને "મેમણ નગરની મલ્ટી"માં એકાદ સુંદર મકાન મલી જાય તે માટે, મેમણ નગર મલ્ટીની યોજના શરૂ કરવામાં આવે અને મજકુર મલ્ટીમાં આશાન હપ્તાઓ ઉપર નફો નહી નુકશાન નહીના ધોરણે સુંદર અને સસ્તા ફલેટોનું બાંધકામ હાથ ધરવામાં આવે. આ બાબત વિગતવાર ચર્ચા આજના એજન્ડા ઉપર આવનારા ઠરાવ દ્વારા કરીશું.

મારે ફકત એટલુંજ કહેવાનું છે કે આપ સહુની આ ફરજ છે કે, રૂકાવટો ઉભી કરનારથી આ સોસાયટીને બચાવો.

નિવૃતિ પહેલાં હું સંસ્થાના ભાવી ઓહદેદારો જેઓ કવમી સેવાની ધગશથી ચુંટાય આવે એમની સફળતા ઇચ્છું છું અને ખાતરી આપું છું કે મારી જાતથી સંસ્થાના દરેક કામમાં જ્યાં અને જ્યારે મારી જરૂર પડશે પુરેપુરો સાથ અને સહકાર આપીશ તેમજ આવનારી કમેટીને ભલામણ કરીશ કે કટોકટી ઉપસ્થિત કરનાર જવાબદાર શખ્શો સામે પગલા લેવાના બાકી છે તે માટે કારવાહી શરૂ કરી દેવામાં આવે. અંતમાં આપણી સંસ્થા અંધકારમાંથી રોશનીમાં આવી છે. રોશનીમા આગળ વધતી રહે, અલ્લાહતઆલા આ સોસાયટીને આપણા પ્યારા મેમણ નગરને સારા સંચાલકો મલે તેવી આપ સર્વે સાચા દીલથી દુવા કરજો. (આમીન)

CS CamScanner

Phone : 217590

# All Memon Welfare Co-op. Housing Society Limited

247, Sunny Plaza 2nd Floor, Hasarat Mohani Road, New Challi, Karachi.

Ref: 786 (99) AGM-20/ 91 Karachi Dated 28-9-91

## NOTICE FOR 20TH ANNUAL GENERAL BODY MEETING AND ANNUAL ELECTION FOR 1991-92

Twententh (20th) Annual General Body Meeting and Election for the year 1991-92 of All Memon Welfare Co-operative Housing Society Limited Karachi. Will be held on Friday, the 15TH NOVEMBER, 1991 at 10-30 A.M. at GHAUSIA HALL Ranchore Lane, Karachi.

Following Agenda will be Transacted at the Annual General Body Meeting.

All plot Holders of the Society are requested to attend the meeting in time.

AGENDA : (O-O) TILAWAT-E-QURAN.

ITEM NO 1 : To read and confirm the Minutes of the last 19th Annual General Bady Meeting of the Society held on 25th December 1990.

ITEM NO. 2: To approve & confirm the Annual Report of the activities of Managing Committee for the year 1991 ended on 30th June 1991.

ITEM NO. 3: To approve & confirm the Audited Accounts of the Society duly audited by the Chartered Accountants for the year 1990-91 ended on 30th June, 1991.

ITEM NO. 4: To appoint Auditor for the year 1991-92 and to fix their remunertions.

ITEM NO. 5 : To elect One President and 4 (Four) Committeemen for 1991-92 as per bye-laws No. 47(a) of the Society.

Retiring President Mr. Ali Mohammed Piprani and Committeemen namely : (1) Mr. A. Gani Chhapra (2) Mr. A. Sattar Bhangda (3) Mr. A. Razzak Haji Mohammed (4) Mr. Ghulam Hussain Habib.

ITEM NO. 6 : Any other matter of which a Notice is given to the Committeemen less than 14 days befor Aannal General Body Meeting.

NOTES ; 1. In cash the meeting is ajurned for want of QUORUM OR because of Agendas remain un-finished, the Adjurned meeting will be held on FRIDAY, the 22nd November 1991 at the same time and place.

2. Any member wishing to move any resolution, should submit the resolution text duly proposed and Seconded in the Society Office during office hours at least 14 days before the Annual General Body meeting.

(HAJI AMIN JAMAL)
Hon. General Secretary
For All Memon Walfare Co-op.
Housing Socioty Limited

CamScanner